# “ગુરુકૃપાની ઉદારતા” ડેવિડ કૈટ્ઝ દ્વારા લિખિત વ્યાખ્યાનનો પરિચય

૧૬ જુલાઈ, ૨૦૧૯ની પૂર્ણિમાના દિવસે, ગુરુપૂર્ણિમાના સન્માનમાં આયોજિત સિદ્ધયોગ મહોત્સવ સત્સંગ દરમ્યાન ડેવિડ કૈટ્ઝે “ગુરુકૃપાની ઉદારતા”ના વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું, જેનું સીધું પ્રસારણ સિદ્ધયોગ પથ વેબસાઇટ પર કરવામાં આવ્યું હતું.

ડેવિડ ગુરુકૃપાના અપાર મૂલ્ય વિશે શીખવે છે. જે વિદ્યાર્થી સમર્પિત રહીને શ્રીગુરુની શિખામણોનો અભ્યાસ કરે છે, તેની અંદર ગુરુકૃપા ગહન રૂપાંતરણ લાવે છે, તેના અંતરમાં ભગવાનની ઉપસ્થિતિને પ્રગટ કરે છે. શ્રીગુરુની અસીમ કૃપા માટે કૃતજ્ઞતાને કારણે આવો વિદ્યાર્થી સ્વાભાવિકરૂપે શ્રીગુરુ પ્રતિ પ્રેમનું અર્પણ કરે છે.

તમારા અધ્યયન અને મનનચિંતન માટે ડેવિડનું વ્યાખ્યાન વિડીઓ રેકૉર્ડિંગ અને લિખિત રૂપે ઉપલબ્ધ છે.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.